મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે
પ્લાન સદરે માંગણી નં.૯,૯૫ અને ૯૬ હેઠળ રુ.૨૫૩૬૧.૯૧ લાખની
બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૧૨૮૦/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮ /૦ ૫/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૭/૦૪/૧૫ના પત્ર ક્રમાંક:મભય/હસબ/વહીવટી મંજુરી/૨૦૧૫-૧૬/૩૦૪૪

ઠરાવ –

રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સને.૧૫-૧૬માં ચાલુ બાબતે માંગણી નં.૯(પ્લાન)૨૨૩૬ પોષણ બજેટ પ્લાન સદરે માંગણી નં.૯માં રુ.૧૯૪૬૬.૬૧ લાખ, માંગણી નં.૯૫માં રુ.૨૨૫૬.૧૯ લાખ અને માંગણી નં.૯૬માં રુ.૪૬૩૯.૧૧ લાખ મળીને કુલ રુ.૨૬૩૬૧.૯૧ લાખની રાજ્ય સરકારના ૨૫ % હિસ્સા પેટે ડાયટ ચાર્જીસ, માનદ વેતન,કુકીંગ કોસ્ટ અને અન્ય બાબતે થયેલ બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા કમી.મ.ભો.યો.દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

૨/ પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સને.૧૫-૧૬માં ચાલુ બાબતે માંગણી નં.૯(પ્લાન)૨૨૩૬ પોષણ બજેટ પ્લાન સદરે માંગણી નં.૯માં રુ.૧૮૭૪૬.૬૧ લાખ, માંગણી નં.૯૫માં રુ.૨૧૫૬.૧૯લાખ અને માંગણી નં.૯૬માં રુ.૪૪૫૯.૧૧ લાખ મળીને કુલ રુ.૨૫૩૬૧.૯૧ લાખની રાજ્ય સરકારના ૨૫ % હિસ્સા પેટે ડાયટ ચાર્જીસ, માનદ વેતન,કુકીંગ કોસ્ટ અને અન્ય બાબતે નીચે મુજબની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | માંગણી નં.૯ | માંગણી નં.૯૫ | માંગણી નં.૯૬ | કુલબજેટ જોગવાઇ(લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ડાયટ ચાર્જીસ | ૧૧૨૬૬.૬૯ | ૧૫૬૩.૯૮ | ૨૮૦૯.૧૩ | ૧૫૬૩૯.૮૦ |
| ૨ | રસોઇયાના માનદ વેતન | ૦૧૬૪૦.૩૬ | ૦૨૨૭.૮૩ | ૦૪૧૦.૦૯ | ૦૨૨૭૮.૨૮ |
| ૩ | સુખડી ૧૦૦% જીઓજી | ૦૧૮૦૦.૦૦ | ૦૨૫૦.૦૦ | ૦૪૫૦.૦૦ | ૦૨૫૦૦.૦૦ |
| ૪ | દુધ ૧૦૦% જીઓજી | ૦૦૩૬૦.૦૦ | ૦૦૫૦.૦૦ | ૦૦૯૦.૦૦ | ૦૦૫૦૦.૦૦ |
| ૫ | ગેસ કનેકશન/રીફલીંગ | ૦૦૦૩૬.૦૦ | ૦૦૦૫.૦૦ | ૦૦૦૯.૦૦ | ૦૦૦૫૦.૦૦ |
| ૬ | રસોડાના વાસણ | ૦૦૦૦૦.૭૨ | ૦૦૦૦.૧૦ | ૦૦૦૦.૧૮ | ૦૦૦૦૧.૦૦ |
| ૭ | થાળી અને ગ્લાસ | ૦૦૧૪૪.૦૦ | ૦૦૨૦.૦૦ | ૦૦૩૬.૦૦ | ૦૦૨૦૦.૦૦ |
| ૮ | મોડેલસ્કુલ૧૦૦% જીઓજી | ૦૦૨૪૬.૮૪ | ૦૦૩૪.૨૮ | ૦૦૬૧.૭૧ | ૦૦૩૪૨.૮૩ |
| ૯ | પગાર અને ભથ્થા | ૦૩૨૧૬.૦૦ | ૦૦૦૦.૦૦ | ૦૫૮૪.૦૦ | ૦૩૮૦૦.૦૦ |
| ૧૦ | જિલ્લાઓના વાહન ભાડા | ૦૦૦૩૬.૦૦ | ૦૦૦૫.૦૦ | ૦૦૦૯.૦૦ | ૦૦૦૫૦.૦૦ |
| | કુલ | ૧૮૭૪૬.૬૧ | ૨૧૫૬.૧૯ | ૪૪૫૯.૧૧ | ૨૫૩૬૧.૯૧ |

૩/ ઉકત બાબત પૈકી કોલમ-૬, અને ૭ બાબતે જણાવવાનું કે (૧) મ.ભો.યો.માટે રસોઇ બનાવવાના વાસણો માટે એક કેન્દ્રદીઠ રુ.૫૦૦૦/લેખે ભારત સરકારના હિસ્સા પેટે ૭૫ % અને રાજ્ય સરકારના હિસ્સા પેટે ૨૫ % મળનાર

સહાય માટે ટોકન રુ.૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.ભારત સરકાર તરફથી જે સહાય મળે તેને આધારે રીવાઇઝ બજેટમાં વધારાની રકમની દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૨) થાળી અને ગ્લાસ- મ.ભો.યો.ના લાભાર્થીઓને જમવાના વાસણ માટે એક થાળી ગ્લાસના એક સેટની કિંમત રુ.૧૦૦/- લેખે રુ.૨૦૦/-લાખની જોગવાઇ સુચવેલ છે.અગાઉ ૧૮,૨૫,૪૨૦ સેટની ખરીદી કરવામાં આવેલ છે.આ ખરીદી એસ.એમ.સી.મારફતે કરવાની રહેશે.

<u>શરતો-</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનો રહેશે.

(૭) આઇ.ટી.સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતેની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯)યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧)તા.૧/૪/૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) કેન્દ્ર પૂરસ્કૃત યોજના માટે જીઓઆઇની ગ્રાન્ટ મળેથી રાજ્ય સરકારનો હિસ્સાનો ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) મ.ભો.યો. અંતર્ગત આ ફાઇલ પર રાજ્ય સરકારના ૨૫ % હિસ્સા મુજબ બજેટ જોગવાઇ મુજબ નાણા વિભાગ દ્વારા પ્રસ્તુત બાબતે રુ.૨૫૩૬૧.૧૯ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.ભારત સરકાર તરફથી મ.ભો.યો. અંતર્ગત ભવિષ્યમાં થનાર કેન્દ્રીય સહાય અંગે ફેરફારને આધિન બાકીની રકમ માટે કમી.મ.ભો.યો.દ્વારા અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૦૫/૨૦૧૫ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.